તમામ પરીક્ષાઓમાં રેકોર્ડ બ્રેક સ્કોર કરાવતું મેગેઝિન

# ઓગસ્ટ Part 2

# 2025

કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ


**CRACK GPSC**

UPSC - GPSC - PI - PSI - RFO

Dy. SO/મામ. | ક્લર્ક | તલાટી | કોન્સ્ટેબલ

CCE | TAT | TET | HTAT

7600051070



# Most Imp Current Affairs – 16 TO 31 August 2025

## 16 ઓગસ્ટ

### રાષ્ટ્રીય એસસી - એસટી હબ યોજનાના લાભાર્થીનું સન્માન

- રાષ્ટ્રીય એસટી એસટી હબ (NSSH) યોજનાના કુલ 100 લાભાર્થીઓનું લાલ કિલ્લા પર સ્વતંત્રતા દિવસ તમારામાં વિશેષ અતિથિ તરીકે સન્માન કરવામાં આવ્યું.
- આ સન્માન માટે છ પૂર્વોત્તર રાજ્યો અને છ કેન્દ્રશાસિત પ્રદેશોના સહભાગીઓનો સમાવેશ કરવામાં આવ્યો.

**રાષ્ટ્રીય SC-ST હબ યોજના**

- રાષ્ટ્રીય SC-ST હબ યોજના 2016 માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી હતી.
- આ યોજના એ સુનિશ્ચિત કરે છે કે સરકારી ખરીદીના ચાર ટકા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની માલિકીના સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો માટે અનામત રાખવામાં આવે.
- હાલમાં, આ યોજના હેઠળ લગભગ 1.48 લાખ SC અને ST ઉદ્યોગસાહસિકોને સહાય મળી રહી છે.

### સમુદ્ર સપાટીથી 5000 મીટર રાષ્ટ્રધ્વજ ફરકાવાયો

- પ્રથમ વાર ભારતીય જળયાત્રીઓએ સમુદ્રની સપાટીથી 5000 મીટર નીચે ડુબકી લગાવીને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ મિશન એટલાન્ટિક મહાસાગરમાં હાથ ધરવામાં આવ્યું હતું.
- આ પ્રોજેક્ટ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી અને ફ્રાન્સ દ્વારા સંયુક્ત રીતે શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતીય નાવિક **રાજુ રમેશ** અને કમાન્ડર **જતિન્દર પાલ સિંહ** (નિવૃત્ત)એ એટલાન્ટિક મહાસાગરમાં 4,025 મીટર અને 5,002 મીટરની ઊંડાઇ સુધી ડાઇવ કરીને એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો.
- સમુદ્રયાન મિશન 2027 સુધીમાં ત્રણ ક્રૂ સભ્યોને 6,000 મીટર સુધી મોકલવાની કલ્પના કરે છે. તેનું સંચાલન ભારતના સ્વદેશી રીતે નિર્મિત સબમર્સિબલ મત્સ્ય-6000 યાન દ્વારા કરવામાં આવશે.
- ભારતનો 11098 કિમી લાંબો દરિયાકિનારો અને વ્યાપક વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર દરિયાઇ સંસાધન સંશોધન માટે વિશાળ તકો પૂરી પાડે છે.
- ભારતે 4,000-5,500 મીટરની ઊંડાઇએ દરિયાઇ તળિયાના ખનિજોની શોધ માટે આંતરરાષ્ટ્રીય સમુદ્રતળ સત્તામંડળ પાસેથી કરાર મેળવી લીધો છે.

## વીરતા પુરસ્કાર



- કેન્દ્ર સરકારે **<u>127 લોકોને  વીરતા પુરસ્કાર આપવાની જાહેરાત</u>** કરી.
- સશસ્ત્ર દળો અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના સભ્યો માટે 40 વિશિષ્ટ સેવા પુરસ્કારોની પણ સરકારે જાહેરાત કરી.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યાએ આ વીરતા પુરસ્કારોને મંજૂરી આપી હતી.
- પાંચ કોસ્ટ ગાર્ડ અધિકારીઓ માટે તટરક્ષક મેડલની પણ જાહેરાત કરવામાં આવી
- આ પુરસ્કારોમાં 4 કીર્તિ ચક્ર અને 15 વીર ચક્રનો સમાવેશ થાય છે. ઉપરાંત 16 શૌર્ય ચક્ર અને 2 સેના ચંદ્રકો (વીરતા)નો સમાવેશ થાય છે.
- બીએસએફના સબ-ઇન્સ્પેક્ટર મોહમ્મદ ઇમ્તિયાઝને મરણોત્તર વીર ચક્ર એનાયત કરવામાં આવ્યો.
- કોન્સ્ટેબલ દીપક ચિંગખામને પણ મરણોત્તર વીર ચક્ર એનાયત કરવામાં આવ્યો.
- ભારતીય સેનાને 58 સેના મેડલ મળ્યા. જેમાંથી 2 અગ્નિવીર સૈનિકોને આપવામાં આવ્યા.
- ઓપરેશન સિંદૂરમાં તેમના નેતૃત્વ માટે લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈને શ્રેષ્ઠ યુદ્ધ સેવા મેડલ મળ્યો.
- વાઇસ એડમિરલ સંજય જસજીત સિંહ (નિવૃત્ત)ને પણ શ્રેષ્ઠ યુદ્ધ સેવા મેડલ મળ્યો.
- એર માર્શલ નર્મદેશ્વર તિવારી, નાગેશ કપૂર, જિતેન્દ્ર મિશ્રા અને એકે ભારતીને સર્વોત્તમ યુદ્ધ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો.
- CRPF ને 23 વીરતા ચંદ્રકો મળ્યા. આ સંખ્યા તમામ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં સૌથી વધુ હતી.

## ઉતરાખંડ અગ્નિવીરોને 10% આરક્ષણ આપશે




- ઉત્તરાખંડ કેબિનેટે ભૂતપૂર્વ અગ્નિવીરોને સેનામાંથી પાછા ફર્યા પછી સરકારી સેવાઓમાં સીધી ભરતી માટે 10% અનામતને મંજૂરી આપી છે.
- મુખ્યમંત્રી <u>પુષ્કર સિંહ ધામીની</u> અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં તેને મંજૂરી આપવામાં આવી હતી.
- આ અનામત રાજ્ય સરકાર હેઠળની ગ્રુપ 'સી' પોસ્ટ્સ પર લાગુ થશે.
- ભૂતપૂર્વ અગ્નિવીરોને ભરતી પ્રક્રિયામાં શારીરિક કાર્યક્ષમતા કસોટીમાંથી મુક્તિ આપવામાં આવશે તેમજ તેમને અરજી માટે મહત્તમ વય મર્યાદામાં પણ છૂટછાટ મળશે.

## 17 ઓગસ્ટ

### ફાસ્ટેગ વાર્ષિક પાસ સેવા




- NHAI એ દેશભરના 1,150 ટોલ પ્લાઝા પર FASTag વાર્ષિક પાસ સેવા શરૂ કરી છે. આ સુવિધા 79મા સ્વતંત્રતા દિવસના અવસર પર શરૂ કરવામાં આવી.
- વાર્ષિક પાસ યોજના અંતર્ગત ₹3,000 માં એક વર્ષ અથવા 200 મુસાફરી સુધી આવન જાવન કરી શકાશે.
- આ યોજના ફક્ત માન્ય FASTag ધરાવતા બિન-વાણિજ્યિક વાહનો માટે જ લાગુ પડે છે.

### સિએટલમાં 605 ફૂટ ઊંચા સ્પેસ નીડલ પર ભારતીય ત્રિરંગો ફરકાવાયો



- આ પ્રતિષ્ઠિત અમેરિકન સ્થળ પર કોઈ વિદેશી રાષ્ટ્રનો ધ્વજ લહેરાયો હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.
- આ કાર્યક્રમનું આયોજન સિએટલ સ્થિત ભારતીય કોન્સ્યુલેટ જનરલ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ સમારોહમાં કોન્સ્યુલ જનરલ પ્રકાશ ગુપ્તા, સિએટલના મેયર બ્રુસ હેરેલ અને શહેરના અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી.
- 1962ના વર્લ્ડ ફેર માટે બનાવવામાં આવેલ સ્પેસ નીડલ, સિએટલની સ્કાયલાઇન અને તેની ટેકનોલોજી-લક્ષી ઓળખનું પ્રતીક છે.
- સ્પેસ નીડલ એ સિએટલ, વોશિંગ્ટન, યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થિત એક નિરીક્ષણ ટાવર છે.

### ગણેશોત્સવ રાજ્ય સ્તરીય ઉત્સવ જાહેર



- મહારાષ્ટ્ર સરકારે નવા સરકારી ઠરાવ દ્વારા ગણેશોત્સવને રાજ્ય સ્તરના તહેવાર તરીકે ઔપચારિક રીતે માન્યતા આપી છે.
- આ પહેલ હેઠળ, ભજન મંડળોને ₹ 5 કરોડ સુધીની નાણાકીય સહાય મળી શકે છે.
- આ મહોત્સવની રાષ્ટ્રીય અને વૈશ્વિક હાજરી વધારવા માટે, આધ્યાત્મિક થિયેટર, ડ્રોન પ્રદર્શન અને રાજ્યવ્યાપી વ્યાખ્યાન શ્રેણી જેવા વિવિધ સાંસ્કૃતિક અને ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.
- મુખ્ય ગણેશ મંદિરો અને જાહેર ઉત્સવોના લાઇવ ફૂટેજ સ્ટ્રીમ કરવા માટે એક ખાસ ઓનલાઇન પોર્ટલ બનાવવામાં આવશે.
- શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાં ગણેશોત્સવ મંડળોને જાહેર ભાગીદારી વધારવા માટે પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવશે.

## 18 ઓગસ્ટ

### પર્વતારોહી કબક યાનોનું માઉન્ટ એલ્બ્રસ પર સફળતાપૂર્વક ચઢાણ

- અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ કેટી પરનાયક (નિવૃત્ત)એ પર્વતારોહક **કાબાક યાનોને** માઉન્ટ એલ્બ્રસ પર સફળતાપૂર્વક ચઢાણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા.
- માઉન્ટ એલબ્રસ રશિયા અને યુરોપ બંનેમાં સૌથી ઊંચો પર્વત છે.
- માઉન્ટ એલબ્રસ એક **સુષુપ્ત જ્વાળામુખી પર્વત** છે. તે જ્યોર્જિયન સરહદ નજીક, દક્ષિણપશ્ચિમ રશિયામાં કાકેશસ પર્વતોમાં સ્થિત છે.
- આ શિખર સમુદ્ર સપાટીથી **18,510 ફૂટની** ઊંચાઇએ આવેલું છે.
- માઉન્ટ એલબ્રસ વિશ્વના દસ સૌથી પ્રખ્યાત પર્વતોમાંનો એક છે.

### વર્લ્ડ ગેમ્સ 2025

- વર્ષ 2025ની વર્લ્ડ ગેમ ચીનના ચેંગડુ ખાતે આયોજિત થઈ હતી જેમાં ભારતે એક સિલ્વર અને બે બ્રોન્ઝ સાથે ત્રણ મેડલ જીત્યા.
- ઋષભ યાદ આવે વ્યક્તિગત પુરુષોની તીરંદાજમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- નમ્રતા બત્રાએ વુશુ(કુશ્તી)માં સિલ્વર મેડલ મેળવ્યો.
- આનંદ કુમારે પુરુષોની સ્પ્રિન્ટ ઇનલાઈન સ્પીડ સ્કેટિંગ ટ્રેક ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- 1981થી દર ચાર વર્ષે વર્લ્ડ ગેમ્સનું આયોજન કરવામાં આવે છે.
- ભારત 1981થી વર્લ્ડ ગેમ્સના દરેક સંસ્કરણમાં ભાગ લઈ રહ્યું છે.
- ભારતનો એકમાત્ર ગોલ્ડ મેડલ 2013માં આવ્યો હતો, જે આદિત્ય મહેતાએ બિલિયર્ડ્સમાં જીતીને મેળવ્યો હતો.
- ભારતીય ટીમે પાંચ રમતોમાં ભાગ લીધો: તીરંદાજી, બિલિયર્ડ્સ, રોલર સ્કેટિંગ, વુશુ અને રેકેટબોલ.

**વર્લ્ડ ગેમ્સ**

- ઇન્ટરનેશનલ વર્લ્ડ ગેમ્સ ફેડરેશન વર્લ્ડ ગેમ્સનું સંચાલન કરે છે.
- પ્રથમ વિશ્વ રમતો 1981 માં યુએસએના કેલિફોર્નિયાના સાન્ટા ક્લેરામાં યોજાઈ હતી.
- તાજેતરમાં, અગિયારમી આવૃત્તિ 7 થી 17 જુલાઈ, 2022 દરમિયાન બર્મિંગહામ, અલાબામા, યુએસએમાં યોજાઈ હતી.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## 19 ઓગસ્ટ

### UPI ઉપયોગમાં મહારાષ્ટ્ર સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે





- એસબીઆઇના આર્થિક અનુસંધાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ માહિતી અનુસાર મહારાષ્ટ્ર સમગ્ર ભારતમાં યુપીઆઇ પેમેન્ટનો ઉપયોગ કરવામાં પ્રથમ રહ્યું.
- મહારાષ્ટ્ર પછી કર્ણાટક, ઉત્તર પ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુનો ક્રમ આવે છે.
- ERD ના અર્થશાસ્ત્રીઓના મતે, મહારાષ્ટ્ર ફક્ત જુલાઇ મહિનામાં જ 9.8% વોલ્યુમ હિસ્સા સાથે ડિજિટલ પેમેન્ટમાં અગ્રેસર રહ્યું છે.
- રિપોર્ટ અનુસાર, **ફોનપે** એ નંબર વન યુપીઆઇ એપ છે. તેના પછી ગુગલ પે અને પેટીએમનું સ્થાન છે.

### લિંગ આધારિત વેતન અસમાનતા રિપોર્ટ

- ILOના ગ્લોબલ વેજ રિપોર્ટ મુજબ, પાકિસ્તાનમાં મહિલાઓ પુરુષો કરતાં સરેરાશ 34% ઓછી કમાણી કરે છે.
- પાકિસ્તાનમાં લિંગ વેતન તફાવત વૈશ્વિક સરેરાશ (20%) કરતાં નોંધપાત્ર રીતે વધારે છે અને ભારત (25%), બાંગ્લાદેશ, શ્રીલંકા અને નેપાળ કરતાં પણ ખરાબ છે.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમના 2025 ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટમાં પાકિસ્તાન 156 દેશોમાં 151મા ક્રમે છે.
- મહિલાઓની આર્થિક ભાગીદારી અને તકોમાં પાકિસ્તાન વૈશ્વિક સ્તરે સૌથી નીચે ક્રમે છે.

### અંગ્રેજી અભિનેતા ટેરેન્સ સ્ટેમ્પનું નિધન




- તેઓ જટિલ અને ક્યારેક ખલનાયકની ભૂમિકાઓ ભજવવા માટે જાણીતા હતા.
- તેમની સૌથી પ્રતિષ્ઠિત ભૂમિકાઓમાંની એક શરૂઆતની 'સુપરમેન' ફિલ્મોમાં જનરલ ઝોડની ભૂમિકા હતી.
- સ્ટેમ્પને ઓસ્કાર નોમિનેશન મળ્યું અને તેમણે ઘણી ફિલ્મોમાં કામ કર્યું હતું.
- તેમની કેટલીક નોંધપાત્ર ફિલ્મોમાં ધ એડવેન્ચર્સ ઓફ પ્રિસિલા, ક્વીન ઓફ ધ ડેઝર્ટ, ફાયર ફ્રોમ ધ મેડિંગ ક્રાઉડ અને વાલ્કીરીનો સમાવેશ થાય છે.

### નેપાળ ટુરિઝમ બોર્ડ અને ટિકટોક સાથે સમજૂતી

- ટિકટોક અને નેપાળ ટુરિઝમ બોર્ડ દ્વારા સર્જક-આગેવાની હેઠળના અભિયાન દ્વારા નેપાળના પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સંયુક્ત રીતે ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે.

- નેપાળ ટુરિઝમ બોર્ડ અને ટિકટોક સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રકારના ટ્રાવેલ ઇન્ફ્લુએન્સર્સ સાથે કામ કરશે.
- આ વીડિયો 2025 દરમ્યાન **#VisitNepal** હેશટેગનો ઉપયોગ કરીને TikTok પર શેર કરવામાં આવશે.
- અયોગ્ય કન્ટેન્ટની ચિંતાઓને કારણે 2023માં નેપાળમાં TikTok પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. 2024 માં TikTok દ્વારા આ ચિંતાઓને દૂર કરવા સહમતી બાદ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો.

## 20 ઓગસ્ટ

### મિસ યુનિવર્સ ઈન્ડિયા 2025



- **રાજસ્થાનની મણીકા વિશ્વકર્માએ** મિસ યુનિવર્સ ઇન્ડિયા 2025 નો ખિતાબ જીત્યો.
- તે મૂળ રાજસ્થાનના શ્રી ગંગાનગરની છે અનેહાલમાં દિલ્હીમાં રહે છે.
- ફાઇનલ સ્પર્ધા રાજસ્થાનના જયપુરમાં યોજાઇ હતી.
- ઉત્તર પ્રદેશની તાન્યા શર્મા ફર્સ્ટ રનર-અપ રહી.
- તે નવેમ્બરમાં થાઇલેન્ડમાં યોજાનાર 74મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.
- સુષ્મિતા સેન 1994માં આ ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય હતી. લારા દત્તાએ 2000માં આ ખિતાબ જીત્યો હતો.
- હરનાઝ સંધુએ 2021માં આ ખિતાબ જીત્યો હતો.

### ભારતીય ફિલ્મ મહોત્સવ 2025

- નીરજ ઘાયવાનની ફિલ્મ **હોમબાઉન્ડે** IFFM 2025માં શ્રેષ્ઠ ફિલ્મ અને શ્રેષ્ઠ દિગ્દર્શકના પુરસ્કારો જીત્યા.
- **આમિર ખાનને** તેના લાંબા સમયથી યોગદાન માટે એક્સેલન્સ ઇન સિનેમા એવોર્ડથી સન્માનિત કરાયો.
- **અભિષેક બચ્ચનને 'આઇ વોન્ટ ટુ ટોક'** માટે શ્રેષ્ઠ અભિનેતા (પુરુષ)નો એવોર્ડ મળ્યો.
- **ગીતા કૈલાસમને અંગમ્મલ** માટે શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો.
- IFFM ભારતની બહાર(મેલબોર્નમાં) સૌથી મોટો ભારતીય ફિલ્મ મહોત્સવ બની રહ્યો છે અને તે તેના 16મા વર્ષની ઉજવણી કરી રહ્યો છે.

### 16મી એશિયાઈ શૂટિંગ ચેમ્પિયનશિપ

- ભારતના **ગિરીશ ગુપ્તાએ** કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં આયોજિત 16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં 10 મીટર એર પિસ્તોલ મેન્સ યુથ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- 14 વર્ષના **દેવ પ્રતાપે** આ જ ઇવેન્ટમાં 238.6 પોઇન્ટ મેળવીને સિલ્વર મેડલ જીત્યો.
- હરિયાણાના પલવલના **કપિલ બૈંસલાએ** ભારતને ચેમ્પિયનશિપનો પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો. તેણે જુનિયર પુરુષોની 10 મીટર એર પિસ્તોલ ફાઇનલમાં 243.0 પોઇન્ટ મેળવીને જીત મેળવી.
- ભારતના **જોનાથન ગેવિન એન્ટોનીએ** જુનિયર ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

## विकसित कृषि संकल्प अभियान




- કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી. આનો ઉદ્દેશ ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો વચ્ચે સીધો સંપર્ક વધારવાનો છે.
- આ અભિયાન દરમિયાન, હજારો વૈજ્ઞાનિકો અને કૃષિ વિભાગના અધિકારીઓ ગામડાઓની મુલાકાત લેશે.
- તેઓ ખેડૂતો સાથે વાતચીત કરશે અને તેમને ખાધ ઉત્પાદન વધારવા માટે નવી ટેકનિકસથી વાકેફ કરશે.

## અસમ રાયફલ અને IIT મણીપુર વચ્ચે સમજૂતી



- સંરક્ષણ અને સુરક્ષા માટે ડ્રોન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.
- આ પહેલ હેઠળ, આસામ રાઇફલ્સના કર્મચારીઓ માટે એક અધતન ડ્રોન તાલીમ અને રિફ્રેશર કોર્સ શરૂ કરવામાં આવ્યો.
- આ કોર્ષમાં ડ્રોન ફ્લાઇટ ઓપરેશન્સ, જાળવણી અને DGCA-પ્રમાણિત તાલીમનો સમાવેશ થાય છે.
- આસામ રાઇફલ્સ ભારતનું અર્ધલશ્કરી દળ છે. તેનું પ્રાથમિક કાર્ય ભારત-મ્યાનમાર સરહદનું રક્ષણ કરવાનું છે.

# <u>21 ઓગસ્ટ</u>

## રશ્મિકા સેહગલે એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો.




- **કઝાકિસ્તાનના શ્યામકેન્ટમાં શ્યામકેન્ટ શૂટિંગ પ્લાઝા** ખાતે આયોજિત 16મી એશિયન શૂટિંગ ચેમ્પિયનશિપમાં **રશ્મિકા સેહગલે** જુનિયર મહિલા એર પિસ્તોલમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- **મનુ ભાકરે** મહિલાઓની 10 મીટર એર પિસ્તોલમાં 219.7 પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ભારતે અત્યાર સુધીમાં કુલ પાંચ ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા.

## ઓનલાઇન ગેમિંગ બિલ 2025

- લોકસભાએ ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગ્યુલેશન બિલ 2025 પસાર કર્યું.
- આ બિલ **<u>ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સ</u>**ને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે, સાથે સાથે હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ પર પણ પ્રતિબંધ મૂકવાનો છે. ઓનલાઈન મની ગેમિંગ સમાજમાં નાણાકીય કટોકટી, છેતરપિંડી અને છેતરપિંડી તરફ દોરી ગયું છે.

- છેલ્લા 31 મહિનામાં ઓનલાઈન મની ગેમિંગને કારણે 32 આત્મહત્યાના બનાવો બન્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- આ બિલમાં ઓનલાઈન મની ગેમ્સ ઓફર કરવા અથવા ચલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની જોગવાઈઓ છે.
- ઉલ્લંઘન બદલ ત્રણ વર્ષ સુધીની જેલ અને 1 કરોડ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.
- વારંવાર ગુનાઓ માટે સજામાં વધારો કરવામાં આવશે, જેમાં 3 થી 5 વર્ષની જેલ અને 2 કરોડ રૂપિયા સુધીનો દંડ શામેલ હશે.
- આ બિલનો ઉદ્દેશ્ય યુવાનોને પોકર અને રમી જેવી ઓનલાઈન પૈસા કમાતી રમતોથી બચાવવાનો છે.

## અગ્નિ 5 બેલેસ્ટિક મિસાઇલનું પરીક્ષણ



- ભારતે **ઓડિશાના ચાંદીપુર** ખાતેના ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી અગ્નિ-5 મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું.
- આ પરીક્ષણનું નિરીક્ષણ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ દ્વારા કરવામાં આવ્યું હતું.
- અગ્નિ-5 પરમાણુ શસ્ત્રો વહન કરવામાં સક્ષમ છે અને તેની અંદાજિત રેન્જ **5,000 થી 7,000 કિલોમીટર** છે.
- આ પહોંચ તેને સમગ્ર ચીન તેમજ યુરોપના પસંદગીના વિસ્તારોને લક્ષ્ય બનાવવા સક્ષમ બનાવે છે.
- 2016થી અનેક વખત પરીક્ષણ કરવામાં આવ્યું હોવા છતાં, અગ્નિ-5 મિસાઇલને હજુ સુધી સક્રિય લશ્કરી સેવામાં સામેલ કરવામાં આવી નથી.
- ભારતના મિસાઇલ શસ્ત્રાગારમાં પહેલાથી જ અગ્નિ 1થી અગ્નિ 4 શ્રેણીનો સમાવેશ થાય છે જેની રેન્જ 700 કિમીથી 4,000 કિમી સુધીની છે.
- લાંબા અંતરની મિસાઇલ, અગ્નિ-6, જે 10,000 કિમી સુધીની રેન્જ ધરાવે છે, તે હાલમાં વિકાસ હેઠળ છે.

## નેપાળના પંચથર જિલ્લામાં હેવા ખોલા મોડ્યુલર પુલ



- ભારતીય રાજદૂત નવીન શ્રીવાસ્તવ અને નેપાળના પરિવહન મંત્રી દેવેન્દ્ર દહલે પુલનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું. આ પુલ **મેચી હાઇવે** પર આવેલો છે.
- તે નેપાળમાં અત્યાર સુધી સ્થાપિત થયેલો **સૌથી લાંબો મોડ્યુલર પુલ** છે. આ પુલ કોશી પ્રાંતના ઉત્તર અને દક્ષિણ ભાગોને જોડે છે.
- આ પુલનું નિર્માણ ભારત સરકારની માલિકીની કંપની **GRSE લિમિટેડ** દ્વારા કરવામાં આવ્યું છે.

# 22 ઓગસ્ટ

## જલાલાબાદનું નવું નામ પરશુરામપુરી




- કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઉત્તર પ્રદેશના જલાલાબાદનું નામ બદલવાને મંજૂરી આપી.
- જલાલાબાદ **સંત પરશુરામના જન્મસ્થળ** તરીકે ઓળખાય છે.
- આ શહેરમાં તેમને સમર્પિત એક પ્રાચીન મંદિર પણ છે.
- કેન્દ્રએ રાજ્ય સરકારને દેવનાગરી, રોમન અને પ્રાદેશિક ભાષાઓમાં નવું નામ નોંધાવવા જણાવ્યું છે.
- જલાલાબાદ એ શાહજહાંપુર શહેરની નજીક આવેલું નગર છે. તે ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં એક મ્યુનિસિપલ બોર્ડ છે.

## ઔંટા સીમારીયા પરિયોજના

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **બિહારના ગયામાં ઔંટા સીમારીયા** પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.
- આ પ્રોજેક્ટમાં **ગંગા નદી** પર લગભગ બે કિલોમીટર લાંબો એક નવો પુલનો સમાવેશ થાય છે.
- આ પુલ પટના જિલ્લાના મોકામા અને બેગુસરાય વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત કરશે.
- આ નવા પુલથી ભારે વાહનોનું અંતર 100 કિલોમીટર ઘટશે.
- આનાથી ઉત્તર અને દક્ષિણ બિહાર વચ્ચે ટ્રાફિક પ્રવાહમાં સુધારો થશે.
- વડાપ્રધાન મોદીએ 2017 માં આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.

## બુસાન આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ

- સિક્કિમના સ્વતંત્ર ફિલ્મ નિર્માતા ત્રિબેણી રોયની પહેલી ફિલ્મ, **શેપ ઓફ મોમોને** બુસાન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (BIFF) 2025ના વિઝન વિભાગ માટે સત્તાવાર રીતે પસંદ કરવામાં આવી છે.
- દક્ષિણ કોરિયાના બુસાનમાં દર વર્ષે યોજાતા BIFFને એશિયાના ટોચના ફિલ્મ મહોત્સવ તરીકે ઓળખવામાં આવે છે.
- આ મહોત્સવ નવી પ્રતિભા દર્શાવવા અને એશિયન સિનેમાને વૈશ્વિક પ્રેક્ષકો સાથે જોડવા માટે ઉજવવામાં આવે છે.
- આ ફિલ્મ સપ્ટેમ્બરમાં સાન સેબેસ્ટિયન આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં પણ દર્શાવવામાં આવશે.

## ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે નિરીક્ષક નિયુક્ત

- **સુશીલ કુમાર લોહા**ની પંચાયતી રાજ મંત્રાલયમાંથી અને **ડી. આનંદન**ની નાણા મંત્રાલયમાંથી નિયુક્તિ કરવામાં આવી.
- તેઓ ચૂંટણી માટે નિરીક્ષક તરીકે કામ કરશે.
- જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું હતું.

- આ 17મી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી છે. ચૂંટણી મંડળમાં લોકસભા અને રાજ્યસભાના સભ્યોનો સમાવેશ થાય છે.
- NDA એ **સીપી રાધાકૃષ્ણનને** અને વિપક્ષી ઇન્ડિયા બ્લોકે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ **બી સુદર્શન રેડ્ડીને** પોતાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે.

### કેન્દ્ર સરકારે બે દર વાળા જીએસટી પ્રસ્તાવને મંજૂરી આપી




- ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કાઉન્સિલ દ્વારા રચાયેલા રેટ રેશનલાઇઝેશન પર મંત્રીઓના જૂથએ GST માટે બે-દર માળખા માટેના કેન્દ્રના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે અને GST કાઉન્સિલને તેની ભલામણ કરશે.
- આ સુધારાથી હાલના **12%** અને **28% GST** સ્લેબ દૂર થશે. તેના બદલે **5% અને 18%** દરોનું સરળ માળખું રાખવામાં આવશે.
- તમાકુ અને ઓનલાઈન ગેમિંગ જેવી કેટલીક વસ્તુઓને **40% ટેક્સ** બ્રેકેટમાં મૂકવામાં આવશે.

### યુરેનસના 29માં ચંદ્રમાંની શોધ કરી



- જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપનો ઉપયોગ કરીને યુરેનસનો એક નવો ચંદ્ર, **S/2025 U1** શોધી કાઢવામાં આવ્યો છે.
- આ શોધ કોલોરાડો સ્થિત સાઉથવેસ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SWRI)ની એક ટીમ દ્વારા કરવામાં આવી હતી.
- આ નવા શોધાયેલા ચંદ્રનો વ્યાસ ફક્ત **10 કિલોમીટર** છે.
- લગભગ 40 વર્ષ પહેલાં, **વોયેજર 2** યુરેનસ પાસેથી પસાર થતી વખતે આ ચંદ્રને શોધવામાં નિષ્ફળ ગયું.
- વૈજ્ઞાનિકો માને છે કે યુરેનસના ઉપગ્રહ પરિવારમાં હવે **29** પુષ્ટિ પામેલા ચંદ્રોનો સમાવેશ થાય છે.
- નવા ચંદ્ર એ નાના ચંદ્રોની જટિલ પ્રણાલીનો 14મો સભ્ય છે જે સૌથી મોટા ચંદ્રો, મિરાન્ડા, એરિયલ, ઉમ્બ્રીયલ, ટાઇટેનિયા અને ઓબેરોનની પરિક્રમા કરે છે.
- ચંદ્રની ભ્રમણકક્ષા લગભગ ગોળાકાર છે અને તે યુરેનસથી 56,000 કિલોમીટર દૂર સ્થિત છે.
- નવા શોધાયેલા ચંદ્રના નામ માટે આંતરરાષ્ટ્રીય ખગોળશાસ્ત્રીય સંઘ (IAU) દ્વારા મંજૂરી મેળવવી પડશે, જે અવકાશી પદાર્થોને સત્તાવાર નામો અને હોદ્દાઓ સોંપવામાં અગ્રણી સત્તા છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

# 23 ઓગસ્ટ

## રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ - 23 ઓગસ્ટ




- ભારતમાં રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ 23 ઓગસ્ટ, 2025ના રોજ બીજી વખત ઉજવવામાં આવ્યો.
- બીજા રાષ્ટ્રીય અવકાશ દિવસની થીમ **'આર્યભટ્ટથી ગગનયાન સુધીની ભારતની યાત્રા અને આગળની અનંત શક્યતાઓની કલ્પના'** છે.
- 23 ઓગસ્ટ, 2023ના રોજ, ચંદ્રયાન-3 મિશને ચંદ્રની સપાટી પર વિક્રમ લેન્ડરની સલામત અને સોફ્ટ લેન્ડિંગ પૂર્ણ કરી.
- આ સાથે, ભારત ચંદ્ર પર ઉતરાણ કરનાર ચોથો દેશ અને ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક ઉતરાણ કરનાર પ્રથમ દેશ બન્યો.
- આ મિશનના ઉતરાણ સ્થળને **'શિવ શક્તિ'** બિંદુ નામ આપવામાં આવ્યું હતું.

## સંકલિત ખાદ્ય સુરક્ષા તબક્કા વર્ગીકરણ (IPC) એ ગાઝા પ્રાંતમાં દુકાળ જાહેર કર્યો



- અહીં 5,00,000થી વધુ લોકો ભારે ભૂખમરા અને હતાશામાં ફસાયેલા છે. આ લોકો IPC ફેઝ 5 નો સામનો કરી રહ્યા છે, જે ખાધ અસુરક્ષાનું સૌથી ગંભીર સ્તર છે
- ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓમાં કુપોષણ ઝડપથી વધી રહ્યું છે.
- જૂન 2026 સુધીમાં, પાંચ વર્ષથી ઓછી ઉંમરના ઓછામાં ઓછા 132,000 બાળકો તીવ્ર કુપોષણનો ભોગ બનવાની ધારણા છે.
- હાલમાં, ગાઝામાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના તમામ 320,000 બાળકો તીવ્ર કુપોષણના જોખમમાં છે.
- IPC (Integrated Food Security Phase Classification) એ એક વૈશ્વિક માળખું છે જેનો ઉપયોગ ખાધ અસુરક્ષાની ગંભીરતાનું મૂલ્યાંકન કરવા માટે થાય છે.
- તે ખાધ અસુરક્ષાને પાંચ તબક્કામાં વર્ગીકૃત કરે છે, જેમાં ન્યૂનતમ (તબક્કો 1) થી દુષ્કાળ (તબક્કો 5) સુધીનો સમાવેશ થાય છે.

## અંડર 20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપ

- ભારતની **<u>કાજલ દોચકે</u>** આ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. તે 17 વર્ષની છે અને હરિયાણાની રહેવાસી છે.
- આ સ્પર્ધા બલ્ગેરિયાના **સમોકોવમાં** યોજાઈ હતી.
- સારિકાએ મહિલાઓના 53 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- શ્રુતિએ 50 કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- પુરુષોની ગ્રીકો-રોમન કુસ્તીમાં, સૂરજે 60 કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

- ભારતીય કુસ્તીબાજોએ ચેમ્પિયનશિપમાં નવ મેડલ જીત્યા છે. જેમાં બે ગોલ્ડ, ચાર સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

### ઈન્દ્રનીલ ભટ્ટાચાર્ય મોનેટરી પોલિસી કમિટી (MPC)ના એક્સ-ઓફિસિયો મેમ્બર નિયુક્ત




- આરબીઆઈના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર **ઈન્દ્રનીલ ભટ્ટાચાર્યને** મોનેટરી પોલિસી કમિટી (MPC) ના એક્સ-ઓફિસિયો મેમ્બર નિયુક્ત કરાયા.

➢ **નાણાકીય નીતિ સમિતિ (MPC)**

- ભારતમાં બેન્ચમાર્ક વ્યાજ દરો નાણાકીય નીતિ સમિતિ નક્કી કરે છે.
- તેની બેઠકો વર્ષમાં ઓછામાં ઓછી ચાર વખત (ખાસ કરીને, ક્વાર્ટરમાં ઓછામાં ઓછી એક વાર) યોજાય છે.
- તેમાં છ સભ્યો છે. આમાં ત્રણ RBI અધિકારીઓ (ગવર્નર સહિત) અને ભારત સરકાર દ્વારા નિયુક્ત ત્રણ બાહ્ય સભ્યો હોય છે.

### ઇ ગવર્નન્સ પરનું 28મું રાષ્ટ્રીય સંમેલન




- ઈ-ગવર્નન્સ પર 28મું રાષ્ટ્રીય સંમેલન વિશાખાપટ્ટનમ ખાતે યોજાશે.
- આ કાર્યક્રમનું આયોજન વહીવટી સુધારા અને જાહેર ફરિયાદ વિભાગ (DARPG), ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય (MeitY) અને આંધ્રપ્રદેશ સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે.
- આ કોન્ફરન્સ માટે IIM વિશાખાપટ્ટનમને નોલેજ પાર્ટનર તરીકે પસંદ કરવામાં આવ્યું છે.
- 2025 ની થીમ **'વિકસિત ભારત: નાગરિક સેવાઓ અને ડિજિટલ પરિવર્તન** છે.
- આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ આ પરિષદનું ઉદ્ઘાટન કરશે.

### ભૂરી ક્રાંતિના વિકાસ માટે બિલ

- તાજેતરમાં પૂર્ણ થયેલા ચોમાસુ સત્ર દરમિયાન સંસદે પાંચ મુખ્ય દરિયાઈ બિલ પસાર કર્યાં છે.
- કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે વસાહતી યુગના દરિયાઈ કાયદાઓમાં સુધારો કરવામાં આવ્યો છે અને આનાથી વાદળી અર્થતંત્રને વેગ મળશે.
- **બિલ ઓફ લેડીંગ 2025, કેરેજ ઓફ ગુડ્સ બિલ 2025, કોસ્ટલ શિપિંગ બિલ 2025, મર્ચન્ટ શિપિંગ બિલ 2025 અને ઈન્ડિયન પોર્ટ્સ બિલ 2025** ને મંજૂરી આપવામાં આવી.
- બિલ ઓફ લેડિંગ 2025 કાનૂની દસ્તાવેજોને સરળ બનાવશે, જેનાથી વિવાદો ઓછા થશે અને વેપાર સરળ બનશે.

- કેરેજ ઓફ ગુડ્સ બિલ 2025 એ 1925ના કાયદાને બદલે હેગ-વિસ્બી નિયમો અપનાવ્યા જેથી મુકદ્દમા ઓછા થાય અને આંતરરાષ્ટ્રીય સંબંધો મજબૂત થાય.
- કોસ્ટલ શિપિંગ બિલ 2025નો ઉદ્દેશ્ય 6% મોડલ શેરને પુનર્જીવિત કરવાનો અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાનો છે.
- મર્ચન્ટ શિપિંગ બિલ, 2025 એ જૂના 1958 ના કાયદામાં સુધારો કર્યો, જેનાથી જહાજના ભંગાર દૂર કરવા અને બચાવ કામગીરી ઝડપી બનાવવાનું શક્ય બન્યું.
- ભારતીય બંદરો બિલ, 2025 એ 1908 ના જૂના કાયદાને બદલ્યો અને વધુ સારા રાષ્ટ્રીય આયોજન માટે મેરીટાઇમ સ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપના કરી.

### ઉદ્યોગપતિ લોર્ડ સ્વરાજ પોલનું અવસાન



- પ્રખ્યાત NRI ઉદ્યોગપતિ અને પરોપકારી લોર્ડ સ્વરાજ પોલનું લંડનમાં અવસાન થયું
- લોર્ડ સ્વરાજ પોલનો જન્મ પંજાબના જલંધરમાં થયો હતો.
- 1960ના દાયકામાં, તેઓ તેમની પુત્રીની સારવાર માટે બ્રિટન ગયા.
- 1996માં પોલને હાઉસ ઓફ લોર્ડ્સમાં લાઇફ પીઅર બનાવવામાં આવ્યા હતા.
- તેઓ લંડન પ્રાણી સંગ્રહાલયને બચાવવા સહિતનાં તેમનાં કાર્યો માટે જાણીતા હતા.
- ભારત-યુકે સંબંધોને મજબૂત બનાવવામાં તેમની સારી ભૂમિકા હતી.

## 24 ઓગસ્ટ

### તમિલનાડુમાં નવી સુધારા-આધારિત દંડ પ્રક્રિયા

- આ સુધારા અંતર્ગત ચોક્કસ ગુનાઓ કરનારા વ્યક્તિઓને સમુદાય સેવા સોંપવામાં આવશે.
- આ સેવા કાર્યોમાં હોસ્પિટલના વોર્ડની સફાઇ અને બહારના દર્દીઓની સંભાળમાં મદદ કરવાનો સમાવેશ થાય છે.
- તમિલનાડુના રાજ્યપાલે નવા નિયમોને મંજૂરી આપી દીધી છે.
- આ નીતિમાં સામાજિક-આધાર પર 16 વિવિધ પ્રકારની સજાઓની રૂપરેખા આપવામાં આવી છે.
- આ સેવાઓમાં હોસ્પિટલો, શાળાઓ અને સ્થાનિક સરકારી સંસ્થાઓનો સમાવેશ થાય છે જેમાં ગુનેગારોને વિવિધ પ્રકારની કામગીરી સોંપવામાં આવશે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## એશિયન ઓપન શોર્ટ ટ્રેક સ્પીડ સ્કેટિંગ ટ્રોફી 2025




- ભારત પહેલી વાર એશિયન ઓપન શોર્ટ ટ્રેક સ્પીડ સ્કેટિંગ ટ્રોફી 2025નું આયોજન થયું.
- આ કાર્યક્રમ **દેહરાદૂનના રાયપુર સ્થિત મહારાણા પ્રતાપ સ્પોર્ટ્સ કોલેજ ખાતે** યોજાયો.
- ભાગ લેનારા દેશોમાં ચીન, જાપાન, હોંગકોંગ, ઇન્ડોનેશિયા, સિંગાપોર, થાઇલેન્ડ, ચાઇનીઝ તાઇપેઇ, વિયેતનામ, મલેશિયા, ફિલિપાઇન્સ અને ભારતનો સમાવેશ થાય છે.

## અખિલ ભારતીય સ્પીકર સંમેલન

- કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આ સંમેલનનું **દિલ્હી વિધાનસભા** ખાતે ઉદ્ઘાટન કર્યું.
- આ કાર્યક્રમનું આયોજન **વિઠ્ઠલભાઈ પટેલના** કેન્દ્રીય વિધાનસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ બનવાની 100મી વર્ષગાંઠની ઉજવણી માટે કરવામાં આવી રહ્યું છે.
- આમાં કાયદા ઘડવામાં ડિજિટલ ટૂલ્સ અને AI ના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમ દરમિયાન, વિઠ્ઠલભાઈ પટેલના માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી.

## ચેતેશ્વર પૂજારાની ક્રિકેટનાં તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિની જાહેરાત



- ભારતીય બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ ક્રિકેટના તમામ સ્વરૂપોમાંથી નિવૃત્તિની જાહેરાત કરી.
- 2010 માં ડેબ્યૂ કર્યા પછી, તેણે દેશ માટે **103 ટેસ્ટ મેચ** રમી છે.
- તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ 2023 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હતી.
- 7195 ટેસ્ટ રન, 19 સદી અને 35 અડધી સદી સાથે, તે ભારતના **આઠમા** સૌથી વધુ ટેસ્ટ રન બનાવનાર ખેલાડી તરીકે નિવૃત્ત થયો.
- પૂજારાનું નિર્ણાયક યોગદાન 2018/19ના ઓસ્ટ્રેલિયા ખાતેની મેચમાં જોવા મળ્યું, જ્યાં તેની બેટિંગે ભારતને ઐતિહાસિક શ્રેણી જીત અપાવી.
- તે **ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ત્રણ ત્રેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય** હતો.

# 25 ઓગસ્ટ

## રિમુવેબલ સૌર પેનલ પરિયોજના

- **વારાણસીમાં** બનારસ લોકોમોટિવ વર્ક્સ (BLW) પરિસરમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે ભારતનું પ્રથમ દૂર કરી શકાય તેવું સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવ્યું.
- આ પાયલોટ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેના ટકાઉ અને ગ્રીન એનર્જી તરફના પગલાનો એક ભાગ છે.

- 70 મીટર લાંબા વિસ્તાર પર પર 28 પેનલ લગાવવામાં આવ્યાં છે, જે 15 કિલોવોટ સુધી વીજળી ઉત્પન્ન કરશે.
- આ પેનલ ટકાઉ અને મોસમી પરિસ્થિતિમાં દૂર કરી શકાય તે પ્રકારની ટેકનિકથી બનાવવામાં આવી છે.
- આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કર્યા વિના રેલવે ટ્રેક આસપાસ જ સોલાર પેનલો લગાવવામાં આવશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ગુજરાત પ્રવાસે



- અમદાવાદના **ખોડલધામ મેદાનમાં**, પીએમ મોદીએ ₹5,400 કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.
- અમદાવાદના હાંસલપુર ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને 100 દેશોમાં ઇલેક્ટ્રિક વાહનોની નિકાસને લીલી ઝંડી આપવામાં આવી.
- વડાપ્રધાને ₹1,400 કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સનું પણ લોન્ચિંગ કર્યું જેમાં 65 કિમી લાંબી મહેસાણા-પાલનપુર લાઇનનું ડબલિંગ અને કલોલ-કડી-કટોસણ રોડ અને બેચરાજી-રાનુજ લાઇનનું ગેજ કન્વર્ઝન શામેલ છે.
- કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે એક પેસેન્જર ટ્રેન પણ શરૂ કરવામાં આવશે.
- વિરમગામ-ખુદાદ-રામપુરા રોડ પહોળો કરવાનું કામ, અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર છ લેનનો અંડરપાસ અને અમદાવાદ-વિરમગામ રોડ પર એક નવા ઓવરબ્રિજનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

## 26 ઓગસ્ટ

### મહિલાઓમાં રોજગાર ક્ષેત્રે ઉલ્લેખનીય વધારો


- શ્રમ અને રોજગાર મંત્રાલયના અહેવાલ મુજબ વર્ષ 2017-18ની સાપેક્ષે 2023-24માં ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓમાં રોજગારમાં વધારો જોવા મળ્યો.
- અહેવાલ મુજબ ગ્રામીણ મહિલા રોજગારમાં **96%નો** વધારો જોવા મળ્યો. જ્યારે શહેરી વિસ્તારમાં **43%નો** વધારો જોવા મળ્યો.
- મહિલા નેતૃત્વ ધરાવતા MSMEની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો.
- ઇ શ્રમ પોર્ટલ પર 16 કરોડથી વધુ અસંગઠિત મહિલા શ્રમિકોએ પોતાની નોંધણી કરાવી છે.

### ત્રણ મુખ્ય વર્ષગાંઠની ઉજવણી માટે સમિતિની રચના

- ભારત સરકાર દ્વારા ત્રણ મુખ્ય વર્ષગાંઠની ઉજવણી માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે.
- આ ઉજવણીમાં સરદાર વલ્લભભાઇ પટેલ અને ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ તથા અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિની ઉજવણી સમાવિષ્ટ છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ત્રણેય સમિતિના અધ્યક્ષ રહેશે.

- સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર,1875ના રોજ થયો હતો અને તેઓએ 562 રજવાડાંને એક કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું અને તેઓ લોખંડી પુરુષ તરીકે ઓળખાય છે.
- બિરસા મુંડનો જન્મ 15 નવેમ્બર 1875ના રોજ થયો હતો અને તેઓ એક આદિવાસી નેતા હતા. તેમણે અંગ્રેજોના શાસન દરમિયાન આદિવાસી સમુદાય પર કરવામાં આવતા અત્યાચાર અને શોષણના વિરોધ માટે અનેક આંદોલન કર્યાં હતાં.
- અટલ બિહારી વાજપેયીનો જન્મ 25 ડિસેમ્બર 1924ના રોજ થયો હતો. તેઓ એક કવિ,લેખક અને રાજનેતા હતા એ એ ત્રણ કાર્યકાળ માટે ભારતના વડાપ્રધાન પણ બન્યા હતા. વર્ષ 1998માં તેમના જ નેતૃત્વમાં પોખરણ ખાતે બીજું પરમાણુ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. તેમનો જન્મ દિવસ 25 ડિસેમ્બરને સુશાસન દિવસ તરીકે મનાવવામાં આવે છે. વર્ષ 2015માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### નાગાલેન્ડના રાજ્યપાલ અજયકુમાર ભલ્લા



- મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ નાગાલેન્ડના 22મા રાજ્યપાલ તરીકે શપથ લીધા.
- ગુવાહાટી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ આશુતોષ કુમારે કોહિમાના રાજભવન ખાતે તેમને પદના શપથ લેવડાવ્યા.
- રાજ્યપાલ લા ગણેશનના નિધન બાદ, શ્રી ભલ્લાને નાગાલેન્ડનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

## 27 ઓગસ્ટ

### ઇંગા રૂગીનીએન લિથુઆનિયાનાં નવાં વડાપ્રધાન

- તેઓ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીનું પ્રતિનિધિત્વ કરે છે અને હાલમાં સામાજિક સુરક્ષા અને શ્રમ મંત્રીનું પદ સંભાળે છે.
- સંસદ દ્વારા તેમના વડાપ્રધાન પદને માન્યતા અપાયા બાદ 15 દિવસમાં તેઓ રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મેળવશે.
- રાષ્ટ્રપતિ દ્વારા સત્તાવાર આદેશ પર હસ્તાક્ષર કર્યા પછી વડાપ્રધાન તરીકે તેમની નિમણૂક થશે.
- રુગિનીને 2024 માં પ્રથમ વખત લિથુનિયન સંસદમાં ચૂંટાયા હતા.
- રાજકીય ભૂમિકા ભજવતાં પહેલાં, તેણીએ લિથુનિયન ટ્રેડ યુનિયન કન્ફેડરેશનના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.
- લિથુઆનિયા બાલ્ટિક સમુદ્રના પૂર્વ કિનારે આવેલું છે. **વિલ્નિઅસ** લિથુઆનિયાની રાજધાની અને સૌથી મોટું શહેર છે. **યુરો** લિથુઆનિયાનું ચલણ છે.

### આંતરરાષ્ટ્રીય પાલી સંમેલન

- **કેન્ડીમાં** ભારતીય સહાયક ઉચ્ચ આયોગ અને પેરાડેનિયા યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે પાલી અભ્યાસના ભવિષ્ય પર પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ પરિષદમાં શ્રીલંકા, ભારત અને અન્ય દેશોના વિદ્વાનોએ ભાગ લીધો હતો.
- તે ભારત અને શ્રીલંકા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક સંબંધો પર પણ ભાર મૂકે છે.
- ભારત સરકારે પાલી ભાષાને ભારતમાં શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપ્યો છે, જે તેના કાયમી મહત્વને વધુ ઉજાગર કરે છે.

### ઇ વિટારા



- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના હાંસલપુરથી ભારતમાં બનાવેલા બેટરી ઇલેક્ટ્રિક વાહનો (BEVs) 'ઈ-વિટારા'ને લીલી ઝંડી આપી હતી.
- આ વાહનોને જાપાન અને યુરોપિયન દેશો સહિત 100 થી વધુ દેશોમાં નિકાસ કરવાની યોજના છે.
- વડાપ્રધાને હાંસલપુર સ્થિત ટીડીએસ લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડ ઉત્પાદન લાઇનનું ઉદ્ઘાટન કર્યું.
- આ પ્લાન્ટને તોશિબા, ડેન્સો અને સુઝુકી વચ્ચેના સંયુક્ત સાહસ તરીકે વિકસાવવામાં આવ્યો છે જેથી સ્વચ્છ ઊર્જા નવીનતાને પ્રોત્સાહન મળી શકે.
- ઇલેક્ટ્રિક વાહનો માટે જરૂરી 80% બેટરી વર્તમાનમાં ભારતમાં જ બનાવવામાં આવે છે.

### મીરાંબાઈ ચાનુંએ 2025 કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો



- ભારતીય વેઇટલિફ્ટર મીરાબાઇ ચાનુએ અમદાવાદમાં 2025 કોમનવેલ્થ વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- તેણે કુલ 193 કિલો વજન ઉપાડ્યું હતું.
- તે ગ્લાસગો 2026 કોમનવેલ્થ ગેમ્સ માટે  ક્વોલિફાય પણ થઈ.
- મીરાબાઇ ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા છે. તે ભારતના ટોચના વેઇટલિફ્ટર્સમાંની એક છે.

## 28 ઓગસ્ટ

### સૂરુ ગ્રીષ્મોત્સવ 2025


- સુરુ સમર ફેસ્ટિવલ 2025ની શરૂઆત લદ્દાખમાં થયેલી પહેલી હિમવર્ષા સાથે થઈ હતી.
- સાહસિક રમતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, હસ્તકલા અને પરંપરાગત ભોજનનો સમાવેશ થતો સુરુ સમર ફેસ્ટિવલ કારગિલની ઓળખ અને પ્રવાસન સંભાવનાને ઉજાગર કરે છે.

## સ્ટારશીપ રોકેટનું 10મું સફળ પરીક્ષણ




- સ્પેસએક્સે ટેક્સાસમાં તેની સ્ટારબેઝ સુવિધાથી સ્ટારશિપ રોકેટની 10મી સફળ પરીક્ષણ ઉડાન પૂર્ણ કરી.
- આ પ્રક્ષેપણ સંપૂર્ણપણે રિયુઝેબઅવકાશ પ્રક્ષેપણ પ્રણાલી બનાવવાના પ્રયાસોમાં એક મોટી પ્રગતિ દર્શાવે છે.
- પ્રથમ વખત, સ્પેસએક્સે સિમ્યુલેટેડ સ્ટારલિંક ઉપગ્રહોનો ઉપયોગ કરીને પેલોડ ડિપ્લોયમેન્ટનું અનુકરણ કર્યું.
- આ ઉડાનથી 2027 માટે નિર્ધારિત નાસાના આર્ટેમિસ III ચંદ્ર મિશનના આયોજનમાં સીધો લાભ થશે.

## પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ યોજના




- આ યોજના હેઠળ લોન વિતરણનો સમયગાળો લંબાવવામાં આવ્યો છે જે ડિસેમ્બર 2024માં સમાપ્ત થવાને બદલે 31 માર્ચ, 2030 સુધી ચાલુ રહેશે.
- પ્રથવારની લોનની રકમ વધારીને 10,000થી 15000 કરવામાં આવી.
- બીજી લોનની રકમ વધારીને 20,000 થી 25,000 કરવામાં આવી.
- ત્રીજી લોનની રકમ 50,000 કરવામાં આવી.
- પાત્ર લાભાર્થીઓને UPI-લિંક્ડ Rupay ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.
- આ યોજના સૌપ્રથમ 1 જૂન 2020ના રોજ શરૂ કરવામાં આવી હતી.

## પ્રોજેક્ટ આરોહણ




- નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHAI)એ ટોલ પ્લાઝા કર્મચારીઓના પરિવારો માટે શિક્ષણની તકો વધારવા માટે પ્રોજેક્ટ આરોહણ શરૂ કર્યો છે.
- આ પહેલ ઓછી આવક ધરાવતા જૂથોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- આ પ્રોજેક્ટથી ધોરણ 11થી ગ્રેજ્યુએશનના અંતિમ વર્ષ સુધીના 500 વિદ્યાર્થીઓને લાભ થશે.
- આ દરેક વિદ્યાર્થીઓને નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન ₹12,000 ની વાર્ષિક શિષ્યવૃત્તિ મળશે.
- વધુમાં, અનુસ્નાતક અથવા ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છુક 50 ઉચ્ચ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને દરેકને 50000 રૂપિયા મળશે.
- NHAIના ચેરમેન સંતોષ કુમાર યાદવ છે.


# 29 ઓગસ્ટ

## 29 ઓગસ્ટ: રાષ્ટ્રીય રમત દિવસ




- હોકી **ખેલાડી મેજર ધ્યાનચંદના** જન્મદિન નિમિત્તે રાષ્ટ્રીય રમત દિવસ ઉજવવામાં આવે છે.
- રાષ્ટ્રીય રમત દિવસ 2025ની થીમ **'શાંતિપૂર્ણ અને સમાવેશી સમાજોને પ્રોત્સાહન આપવા માટે રમતો'** છે.
- મેજર ધ્યાનચંદે 1928, 1932 અને 1936 ઓલિમ્પિક રમતોમાં સુવર્ણ ચંદ્રકો જીત્યા હતા.
- 29 ઓગસ્ટના રોજ જન્મેલા મેજર ધ્યાનચંદને **'હોકીના જાદુગર'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## રોબોટિક કસ્ટમ લેસર મોતિયાની સર્જરી



- દિલ્હી સ્થિત આર્મી હોસ્પિટલ રિસર્ચ એન્ડ રેફરલ (AHRR) એ રોબોટિક કસ્ટમ લેસર મોતિયાની સર્જરી સફળતા પૂર્વક કરી. ભારતમાં આ પ્રક્રિયા કરનારી આ પ્રથમ સરકારી તબીબી સંસ્થા છે.
- આ સર્જરી બ્રિગેડિયર એસકે મિશ્રા દ્વારા કરવામાં આવી હતી જેમાં દર્દીની ઉંમર 61 વર્ષ હતી.
- પરંપરાગત મોતિયાની શસ્ત્રક્રિયાથી વિપરીત, FLACS ફેમટોસેકન્ડ લેસરનો ઉપયોગ આ પદ્ધતિમાં કરવામાં આવ્યો હતો.

## 2038 સુધીમાં ભારત PPP ધોરણે બીજી મોટી અર્થવ્યવસ્થા

- કન્સલ્ટન્સી ફર્મ EYના અહેવાલ મુજબ ભારત 2038 સુધીમાં ખરીદ શક્તિ સમાનતા (PPP)ના આધારે વિશ્વનું બીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે.
- રિપોર્ટમાં ટાંકવામાં આવેલા IMFના અંદાજ મુજબ, 2030 સુધીમાં PPP ધોરણે અર્થતંત્ર $ 20.7 ટ્રિલિયન સુધી પહોંચી શકે છે.
- તે સમય સુધીમાં, ભારત પીપીપી રેન્કિંગમાં યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની અને જાપાનને પાછળ છોડી દેશે તેવી અપેક્ષા છે.
- પીપીપી ધોરણે ચીન 2030 સુધીમાં $ 42.2 ટ્રિલિયન સાથે સૌથી મોટી અર્થવ્યવસ્થા રહેવાનો અંદાજ છે.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

## 30 ઓગસ્ટ

### ભારતે તેનો પહેલો મોન્ડો ટ્રેક રજૂ કર્યો

- કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ આ સિદ્ધિની જાહેરાત કરી.
- આ સાથે, ભારત 24 અન્ય દેશો સાથે મોન્ડો ટ્રેક ધરાવતો 25મો દેશ બન્યો.
- આ સુવિધા ભારતીય ખેલાડીઓ માટે વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડશે.
- કેન્દ્રીય મંત્રીમંડળે 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવા માટે મંજૂરી આપી દીધી છે.
- ભારતે 2036 ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે સત્તાવાર રીતે પોતાની બોલી પણ રજૂ કરી દીધી છે.
- રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે 29 ઓગસ્ટના રોજ દેશભરમાં ત્રણ દિવસીય રમતોત્સવ શરૂ થયો.
- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ભારતને એક અગ્રણી રમતગમત રાષ્ટ્ર તરીકે પ્રોત્સાહન આપવાનો છે.
- મોન્ડો ટ્રેક એ ઉચ્ચ-પ્રદર્શન, રબર-આધારિત કૃત્રિમ ટ્રેક સપાટીની બ્રાન્ડ છે જે મોન્ડો નામની ઇટાલિયન કંપની દ્વારા વિકસાવવામાં આવ્યો છે.

### વિશ્વ પેરા એટલેટીક્સ ચેમ્પિયનશિપ




- ભારતે આગામી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે 73 સભ્યોની ટીમની જાહેરાત કરી.
- આ ચેમ્પિયનશિપ નવી દિલ્હીના **જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ** ખાતે યોજાશે.
- ભારત આ પ્રતિષ્ઠિત પેરા એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન પ્રથમવાર કરશે.
- પેરિસ પેરાલિમ્પિક્સ ક્લબ થ્રો ચેમ્પિયન ધરમબીર નૈન અને બે વખત બ્રોન્ઝ મેડલ વિજેતા **દોડવીર પ્રીતિ પાલ** ઉદ્ઘાટન સમારોહમાં ભારતનું ધ્વજવાહક તરીકે નેતૃત્વ કરશે.

## 31 ઓગસ્ટ

### મેલા પટ ઉત્સવ

- મેળા પાટ ઉત્સવ **જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લાના ભાદરવાહના ખાખલ મોહલ્લા ખાતે** આયોજિત થયો.
- આ તહેવાર ભાદરવાહ ખીણના પ્રમુખ દેવતા ભગવાન **વાસુકી નાગને** સમર્પિત છે.
- 16મી સદીથી મુઘલ સમ્રાટ અકબર અને ભાદરવાહના રાજા નાગપાલની મુલાકાતની યાદમાં મેળા પાટ ઉજવવામાં આવે છે.
- આ કાર્યક્રમનું અનોખું આકર્ષણ **'ડિસ્કો ડાન્સ'** છે, જેમાં તમામ સમુદાયોના પુરુષો અને સ્ત્રીઓ એકસાથે ભાગ લે છે.
- આ તહેવાર ભાદરવાહની શાંતિ, સાંપ્રદાયિક સંવાદિતા અને સાંસ્કૃતિક ગૌરવનું પ્રતીક છે.

- ભદરવાહ **ભદ્રકાશી** તરીકે ઓળખાતું હતું ત્યારે રાજા નાગપાલ દ્વારા સૌપ્રથમ ઉજવવામાં આવતો મેળો પાટ, આ પ્રદેશના સાંસ્કૃતિક અને ધાર્મિક માળખામાં વિશેષ સ્થાન ધરાવે છે.
- નોંધપાત્ર વાત એ છે કે આ તહેવારે કોઈપણ અનિચ્છનીય ઘટના વિના તેનો 600 વર્ષનો ઇતિહાસ જાળવી રાખ્યો છે.

### બાયોફેચ ઈન્ડિયા 2025

- બાયોફેચ ઇન્ડિયાની 17મી આવૃત્તિ ઇન્ડિયા એક્સ્પો સેન્ટર અને માર્ટ, ગ્રેટર નોઇડામાં યોજાઈ.
- 2015-16માં શરૂ કરાયેલ મિશન ઓર્ગેનિક વેલ્યુ ચેઇન ડેવલપમેન્ટ ફોર નોર્થ ઇસ્ટર્ન રિજન (MOVCDNER) નો ઉદ્દેશ્ય ટકાઉ ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે.
- આ યોજના નાના અને સીમાંત ખેડૂતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને ઉત્પાદન, પ્રમાણપત્ર, પ્રક્રિયા અને માર્કેટિંગ માટે સહાય પૂરી પાડે છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાન અને ચીનની મુલાકાતે



- વડાપ્રધાન 15મા વાર્ષિક ભારત-જાપાન સમિટમાં ભાગ લેવા માટે જાપાનની મુલાકાતે.
- આ તેમની જાપાનની આઠમી મુલાકાત છે અને પહેલી વાર તેઓ જાપાનના વડાપ્રધાન શિગેરુ ઇશિબાને શિખર સંમેલન માટે મળશે.
- બંને નેતાઓ તેમની વ્યાપક વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીમાં પ્રગતિનું મૂલ્યાંકન કરશે, જેમાં સંરક્ષણ, સુરક્ષા, વેપાર, આર્થિક સહયોગ, ટેકનોલોજી અને નવીનતા જેવા મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- જાપાનની મુલાકાત પછી, વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ 31 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર સુધી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) સમિટમાં ભાગ લેવા માટે ચીનના તિયાનજિનની મુલાકાતનો છે.
- ભારત 2017માં SCO નું પૂર્ણ સભ્ય બન્યું હતું.

## Vice President Election Result

રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધન (NDA)ના ઉમેદવાર **સી. પી. રાધાકૃષ્ણને** ભારતના ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં મોટી જીત મેળવી. તેમણે કુલ **452** મત મેળવીને ઇન્ડિયા ગઠબંધનના ઉમેદવાર **બી. સુદર્શન રેડ્ડીને** હરાવ્યા. બી. સુદર્શન રેડ્ડીને 300 મત મળ્યા.

સરકારી નોકરીની તૈયારી માટે
FEE ની ચિંતા છોડો,
FREE તૈયારી કરો.
Crack GPSC easily with...
CRACK GPSC
• અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.

# ONE LINER NEWS

- ✓ બિહારના સીતામઢીના **પુનૌરા ધામ** ખાતે દેવી સીતાને સમર્પિત ભવ્ય મંદિરના નિર્માણનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મંદિરની ડિઝાઇન અયોધ્યામાં ભગવાન રામ મંદિરના સ્થાપત્યથી પ્રેરિત હશે.
- ✓ ભારતની **અન્નુ રાનીએ** પોલેન્ડમાં ઇન્ટરનેશનલ વિસ્લો મેનિયાક મેમોરિયલ ખાતે મહિલા ભાલા ફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો. આ જ સ્પર્ધામાં, ભારતની પૂજાએ મહિલાઓની 800 મીટર દોડમાં 2:02.95 સેકન્ડના સમય સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો.
- ✓ **વિયેતનામ અને ચીનમાં** કાઝીકી વાવાઝોડાંની અસર જોવા મળી. વિયેતનામ થાન હોઆ, ક્વાંગ ટ્રાઇ, હ્યુ અને દાનંગ જેવા મધ્ય પ્રાંતોમાંથી લગભગ 600,000 લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી.
- ✓ ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ખેતી બાબતે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ.
- ✓ કાપડ મંત્રાલય દ્વારા બિહારના **પટના** ખાતે ટેકનિકલ ટેક્સટાઇલ અને વિકસિત ભારત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ **નવી દિલ્હી** ખાતે ચોથી સેમિકોન ઈન્ડિયા 2025નું ઉદ્ઘાટન કર્યું. આ આયોજનનો ઉદ્દેશ્ય માઇક્રોઇલેક્ટ્રોનિક્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે દેશની ક્ષમતા અને મહત્વકાંક્ષા વધારવાનું છે.
- ✓ યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા ખડસેએ **નવી દિલ્હીમાં** 'ગિવિંગ વિંગ્સ ટુ ડ્રીમ્સ કોન્ક્લેવ 2025'નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ પ્રધાનમંત્રી જન ધન યોજનાને 11 વર્ષ પૂર્ણ થયાં. આ યોજનાની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ 2014ના રોજ લાલ કિલ્લા પરથી કરી હતી.
- ✓ ભારતનું સેમિકંડક્ટર માર્કેટ 2032 સુધીમાં 3 ગણું વધી $ 100 અબજને આંબશે.
- ✓ હિમાચલના કસોલીના **ભાનુ અત્રીને** પ્રથમ હિંદુ ધર્મગુરુ નિયુક્ત કર્યા.
- ✓ **હવાઈ ટાપુ** પર **કિલાઉઆ** જ્વાળામુખી ફાટ્યો જેના કારણે તેનો લાવા હવામાં 100 ફૂટ સુધી ઉછળ્યો.
- ✓ બિહારમાં રાજ્ય સરકારે તમામ ભરતી પરીક્ષાઓમાં પ્રારંભિક પરીક્ષા ફી રૂ. 100 એક સમાન લેવાનો નિર્ણય કર્યો.
- ✓ ચીને ભારતને રેર અર્થ મિનરલ્સ અને ખાતર પૂરાં પાડવા માટે વચન આપ્યું.
- ✓ **હોંગકોંગમાં** મચ્છરોનો ખાતમો બોલાવવા માટે રોબોટ ડોગ્સની ટ્રાયલ શરૂ કરવામાં આવશે. આ રોબોટ ડોગ્સ જંતુનાશક દવા છાંટવાના સાધનોથી સજ્જ હશે અને એવા વિસ્તારોમાં કામ કરશે જ્યાં માનવ ટીમો માટે પહોંચવું મુશ્કેલ હોય છે.
- ✓ મધ્યપ્રદેશ સરકાર દ્વારા **ઉજ્જૈન** ખાતે વૈશ્વિક આધ્યાત્મિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ પ્રેસ રજિસ્ટ્રાર જનરલે **'પ્રેસ સેવા' પોર્ટલ** શરૂ કર્યું. આ ડિજિટલ સિંગલ-વિન્ડો પ્લેટફોર્મ અખબારો અને સામયિકોની નોંધણીને સરળ બનાવશે. આ મીડિયા ક્ષેત્રમાં વ્યવસાય કરવાની સરળતામાં વધારો કરશે.
- ✓ કર્ણાટકે બેંગ્લોર સિટી યુનિવર્સિટીનું નામ બદલીને **'ડૉ. મનમોહન સિંહ બેંગ્લોર સિટી યુનિવર્સિટી'** કર્યું.
- ✓ **બંગાળે** સ્થળાંતરિત મજૂરો માટે **'શ્રમશ્રી યોજના'** શરૂ કરી. આ અંતર્ગત, ભેદભાવનો સામનો કરીને અન્ય રાજ્યોમાંથી પરત ફરેલા મજૂરોને એક વર્ષ માટે માસિક સહાય, કૌશલ્ય તાલીમ, સ્વરોજગાર સહાય મળશે.

- ✓ આધાર બનાવતી એજન્સી UIDAIએ અમેરિકન કંપની સ્ટારલિંકને e-KYC સુવિધા સાથે જોડી દીધી. આ સાથે, ભારતમાં સ્ટારલિંક ઇન્ટરનેટ વપરાશકર્તાઓ આધાર આધારિત ઓળખનું પેપરલેસ વેરિફિકેશન કરી શકશે.
- ✓ સંરક્ષણ મંત્રાલય દ્વારા **'રણ સંવાદ'** નામના પ્રથમ ત્રિ-સેવા સેમિનારનું આયોજન કરાયું. આ સેમિનાર આર્મી વોર કોલેજ, મહુ (ડૉ. આંબેડકર નગર) ખાતે આયોજિત કરાયો.
- ✓ કેન્દ્રએ ફોર્ટિફાઇડ રાઇસ સ્કીમને ડિસેમ્બર **2028** સુધી લંબાવી. આ માટે **રૂ. 17,082 કરોડનું** બજેટ નક્કી કરવામાં આવ્યું છે. આ યોજના **એનિમિયા** અને **કુપોષણનો** સામનો કરવામાં મદદ કરશે.
- ✓ હરિયાણા-રાજસ્થાને યમુના વોટર પાઇપલાઇન પ્રોજેક્ટ માટે MOU પર હસ્તાક્ષર કર્યા. આ હથિનીકુંડથી રાજસ્થાનના સૂકા વિસ્તારોમાં 577 mcm પાણીની પાઇપલાઇન પહોંચાડશે.
- ✓ ભૂતપૂર્વ CRPF અને ITBP ડાયરેક્ટર જનરલ **અનિશ દયાલ સિંહને** નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. વર્તમાનમાં નિવૃત્ત IPS અધિકારી ટી.વી. રવિચંદ્રન અને ભૂતપૂર્વ IFS અધિકારી પવન કપૂર બે સેવા આપતા ડેપ્યુટી NSA છે.
- ✓ **કેરળને** ભારતનું પ્રથમ સંપૂર્ણ ડિજિટલી સાક્ષર રાજ્ય જાહેર કરવામાં આવ્યું છે. **'ડિજી કેરળ'** પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં. 99.98% પરિવારોને ડિજિટલ તાલીમ આપવામાં આવી હતી.
- ✓ આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશને FIDE વર્લ્ડ કપ 2025 માટે **ગોવાની** જાહેરાત કરી.
- ✓ પંજાબ નેશનલ બેંકે **નવી દિલ્હીમાં** સ્ટાર્ટઅપ બ્રાંચ ખોલી. આ શાખા સરકારની સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલને ટેકો આપવા માટે બનાવવામાં આવી છે.
- ✓ મુંબઈ ક્રિકેટ એસોસિએશન (MCA)એ વાનખેડે સ્ટેડિયમમાં **સુનિલ ગાવસ્કરની** પ્રતિમાનું અનાવરણ કર્યું.
- ✓ **નીરજ ચોપરા** ઝુરિચ ડાયમંડ લીગની ફાઇનલમાં ભાલા ફેંકમાં 85.01 મીટરના થ્રો સાથે બીજા સ્થાને રહ્યો. આ લીગમાં તેનો આ સતત ત્રીજો સિલ્વર મેડલ છે.
- ✓ રાજ્ય ઉર્જા દક્ષતા સૂચકાંકમાં આ વર્ષે **મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, આસામ અને ત્રિપુરા** ટોચનાં ક્રમાંકિત રાજ્યો છે. આ ઇન્ડેક્સ રાજ્ય સ્તરે ઊર્જાના ઉપયોગને ટ્રેક કરવા અને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ✓ ન્યાયાધીશ **આલોક આરાધે અને ન્યાયાધીશ વિપુલ મનુભાઈ પંચોલીએ** ભારતના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા. તેમની નિમણૂક સાથે, સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ સહિત ન્યાયાધીશોની મંજૂર સંખ્યા વધીને **34** થઈ ગઈ.
- ✓ નારી 2025 રિપોર્ટ મુજબ, રાંચી, શ્રીનગર, કોલકાતા, ફરીદાબાદ, દિલ્હી, પટના, જયપુર મહિલાઓ માટે સૌથી અસુરક્ષિત શહેરો છે. કોહિમા, ભુવનેશ્વર, આઇઝોલ. મુંબઈ. ગંગટોક. ઈટાનગર સૌથી સુરક્ષિત છે.
- ✓ ટાઇમ 100 એઆઇ યાદીમાં એલોન મસ્ક, સેમ ઓલ્ટમેન, માર્ક ઝુકરબર્ગ, જેસન હુઆંગ સહિત ઘણા દિગ્ગજોનો સમાવેશ થાય છે. તેમાં ભારતીયો અને ભારતીય મૂળના મૈત્રા રઘુ, રવિ કુમાર એસ, અભિષેક સિંહનો પણ સમાવેશ થાય છે.
- ✓ **નેપાળ** ભારતના આંતરરાષ્ટ્રીય બિગ કેટ એલાયન્સનું ઔપચારિક સભ્ય બન્યું. આ જોડાણ વાઘ, બરફ ચિત્તો અને ચિત્તા જેવી મોટી બિલાડીઓના સંરક્ષણ માટે કામ કરે છે.


FEE ની ચિંતા છોડો, FREE તૈયારી કરો.
Video Courses પર ક્લિક કરી કોર્સ પર ક્લિક કરો.
Redeem Code પર ક્લિક કરી CrackGPSC કોડ દાખલ કરો.
APPLY પર ક્લિક કરો. આપના કોર્સ તરત જ ON થઈ જશે.
(કોડ એક જ વખત નાખવો, વધુ વખત નાખવાથી કોર્સ કાયમ માટે બંધ થઈ શકે છે.)
ડાઉનલોડ કરો ગુજરાતની નં. 1 એપ
/ CrackGPSCapp
/ crackgpsc
/ CrackGPSCexam
CRACK GPSC
Crack GPSC
અભ્યાસ/જોબ સાથે, ઘરે બેઠાં, ઓછા સમયમાં કોઈ પણ પરીક્ષાની સંપૂર્ણ તૈયારી કરો.